**<u>અસ્વીકરણ:</u>** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER:</u>** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==========================================================

## ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ ખાતે

## ક્રિમિનલ મિસ. એપ્લિકેશન (FIR/હુકમ ક્વોશ અને સેટ અસાઇડ કરાવવા માટે) નં.૩૩૫૪/૨૦૦૮

**મંજૂરી અને સહી માટે:**

**માનનીય ન્યાયમૂર્તી શ્રી એ.જે.શાસ્ત્રી**

==========================================================

| | | |
|---|---|---|
| ૧ | શું સ્થાનિક સમાચારપત્રોના રિપોર્ટરોને ચુકાદો જોવાની મંજૂરી આપી શકાય? | હા |
| ૨ | રિપોર્ટરને સોંપી શકાય કે નહીં? | હા |
| ૩ | શું ન્યાયમૂર્તિઓ ચુકાદાની અંતિમ નકલ જોવા માગે છે? | ના |
| ૪ | શું આ કેસમાં ભારતના બંધારણના અર્થઘટન અથવા તે હેઠળ કરવામાં આવેલા કોઈપણ આદેશ અંગે કાયદાના નોંધપાત્ર સવાલનો સમાવેશ થાય છે? | ના |

==========================================================

પ્રણવ વી. અદાણી (ડિરેક્ટર) અને ૨... અપીલકર્તા(ઓ)

વિરુદ્ધ

ગુજરાત રાજ્ય અને ૧... સામાવાળા(ઓ)

==========================================================

ઉપસ્થિતિ:

અપીલકર્તાઓ તરફે વકીલ શ્રી ડી.કે.પુજ સાથે વરિષ્ઠ વકીલ શ્રી શાલિન મેહતા

સામાવાળા(ઓ) નં.૨ તરફે વકીલ શ્રી પ્રણવ જી. દેસાઇ

સામાવાળા(ઓ) નં.૧ તરફે એ.પી.પી. શ્રી ચિંતન દવે

==========================================================

કોરમ: **માનનીય ન્યાયમૂર્તી શ્રી એ.જે.શાસ્ત્રી**

**તારીખ: ૨૯/૧૧/૨૦૧૬**

**મૌખિક ચુકાદો**

૧. હાલની અરજી દ્વારા અરજદારોએ જેએમએફસી, મ્યુનિસિપલ કોર્ટ, વડોદરા સમક્ષ પીએફએ નં. ૩૮૧૮/૨૦૦૬ તરીકે નોંધાયેલ ધ પ્રિવેન્શન ઓફ ફૂડ એડલ્ટરેશન એક્ટ, ૧૯૫૪ ની જોગવાઈઓ હેઠળની તારીખ ૨૬.૭.૨૦૦૬ ની ફરિયાદની કાયદેસરતા, ઔચિત્ય અને જાળવણીપાત્રતાને તેમજ વિદ્વાન જેએમએફસી, વડોદરા દ્વારા અરજદારોને ન્યાયિક પ્રક્રિયા જારી કરવાને પડકારેલ છે.

૨. અરજદારોનો કેસ એવો છે કે 'બી-૨-સી ઈન્ડિયા લિમિટેડ' નામની એક કંપનીએ વિવિધ વસ્તુઓ એટલે કે વિવિધ પ્રવૃત્તિઓ અને માલ ખરીદવાની સુવિધા પૂરી પાડવાની છૂટક શ્રૃંખલા શરૂ કરી હતી અને તે તારીખ ૨૧.૧૦.૨૦૦૫ સુધી સ્થાપિત કરવામાં આવી હતી. સદર કંપની સદર છૂટક શ્રૃંખલાના કામકાજનું સંચાલન કરતી હતી. જોકે, ત્યારપછી, ધ કંપનીઝ એક્ટની

કલમ ૨૧ હેઠળની સત્તાઓનો ઉપયોગ કરીને, કંપની દ્વારા તારીખ ૧૮.૧૦.૨૦૦૫ ના રોજ એક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો અને સદર કંપનીનું નામ બી–૨–સી ઈન્ડિયા લિમિટેડથી બદલીને અદાણી રિટેલ લિમિટેડ કરવામાં આવ્યું હતું અને નામના આ ફેરફારના સંદર્ભમાં, કંપનીના નામે તારીખ ૨૧.૧૦.૨૦૦૫ ના રોજ એક નવું પ્રમાણપત્ર જારી કરવામાં આવ્યું હતું. અરજદારોનો વધુ કેસ એવો છે કે જ્યારે કંપની 'બી–૨–સી ઈન્ડિયા લિમિટેડ' ના નામે અને શૈલીમાં તેની પ્રવૃત્તિ લિમિટેડમાં ચલાવતી અને સંચાલિત કરતી હતી, ત્યારે તેણે તારીખ ૧૫.૨.૨૦૦૫ ના ફોર્મ–VIII રજૂ કરીને કલમ ૧૭ સાથે વંચાણે લેતાં નિયમ ૧૨બી હેઠળની જોગવાઈઓ હેઠળ ગુજરાત રાજ્યના સમગ્ર વિસ્તારમાં કંપનીની પ્રવૃત્તિના કામકાજ માટે ઈન–ચાર્જ અને જવાબદાર અધિકારી તરીકે શ્રી પરાગ એસ. પડરાકરની નિમણૂક કરી હતી. અરજદારોએ અરજીમાં દાવો કર્યો છે કે સદર શ્રી પરાગ એસ. પડરાકર સદર અધિનિયમના ક્ષેત્રાધિકારમાં આવતી તેની પ્રવૃત્તિઓ માટે કંપનીના યોગ્ય રીતે સત્તાધિકૃત અને નામાંકિત અધિકારી હતા અને આ નામાંકન યોગ્ય રીતે સત્તામંડળ સમક્ષ તેમજ મેડિકલ ઓફિસર, લોકલ હેલ્થ ઓથોરિટી, અહેમદાબાદ સમક્ષ દાખલ કરવામાં આવ્યું હતું અને સદર નામાંકનનો સત્તામંડળ દ્વારા તારીખ ૧૫.૨.૨૦૦૫ ના રોજ સ્વીકાર કરવામાં આવ્યો છે. અરજદારોએ જણાવ્યુ છે કે ફરિયાદપક્ષનો કેસ એવો છે કે સામાવાળા નં. ૨ – ફરિયાદીએ તારીખ ૮.૬.૨૦૦૬ ના રોજ આશરે બપોરે ૧.૩૦ વાગ્યે કંપનીના આઉટલેટની મુલાકાત લીધી હતી અને તે સમયે,

'નાથજી કેસરી મુખવાસ' તરીકે ઓળખાતી એક પ્રોડક્ટ હતી અને સદર પ્રોડક્ટ કે જે વેચાણના હેતુ માટે સંગ્રહિત કરવામાં આવી હતી અને ૨૫૦ ગ્રામના પોલિથિન પાઉચમાં પેક કરવામાં આવી હતી અને આવા આશરે ૪ પોલિથિન પાઉચ આઉટલેટમાં પડેલા હતા. ફરિયાદીએ સદર દિવસે એટલે કે તારીખ ૮.૬.૨૦૦૮ ના રોજ આરોપી નં. ૧ સાથે સદર પ્રોડક્ટના સંબંધમાં વ્યવહાર અને વાતચીત કરી હતી અને સદર પ્રોડક્ટના ૩ પેકેટ / પાઉચ ખરીદ્યા હતા અને ત્યારબાદ પબ્લિક એનાલિસ્ટને રિપોર્ટ માટે મોકલ્યા હતા અને રિપોર્ટ મુજબ, સદર પ્રોડક્ટ ભેળસેળયુક્ત હોવાનું જણાયું છે જેણે કલમ ૨(આઇએ)(જે) અને (એચ) ની જોગવાઈઓને આકર્ષિત કરી છે અને તેના પરની ફરિયાદમાં અરજદારો આરોપીઓ સામે એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે સદર અધિનિયમની કલમ ૧૬ હેઠળ શિક્ષાપાત્ર કલમ ૭(આઇ)(વી) નો ભંગ થયો છે. પ્રશ્ન હેઠળની ફરિયાદ સામાવાળા નં. ૨ દ્વારા તારીખ ૨૬.૭.૨૦૦૬ ના રોજ વિદ્વાન મ્યુનિસિપલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ કોર્ટ સમક્ષ દાખલ કરવામાં આવી હતી જે એફએસી નં. ૩૮૧૮/૨૦૦૬ તરીકે નોંધાઈ હતી અને તેના આધારે, તે જ દિવસે વિદ્વાન મેજિસ્ટ્રેટે અરજદારો, જેમને કલમ ૨(આઇએ)(જે) અને (એચ) તેમજ કલમ ૧૬(૧)(એ)(ii) હેઠળ શિક્ષાપાત્ર કલમ ૭(આઇ)(વી) હેઠળના ગુનાઓ માટે કોર્ટ સમક્ષ આરોપી બનાવવામાં આવ્યા છે, તેમના પર સંમન જારી કર્યા છે અને ફરિયાદના આધારે સંમન જારી કરવાની આ કામગીરી સામે, હાલની

અરજી સદર અદાલત સમક્ષ હાલના અરજદારો દ્વારા સીઆર.પી.સી. ની કલમ ૪૮૨ હેઠળ લાવવામાં આવી છે.

૩. અદાલતે શરૂઆતમાં અરજી વિચારણા હેઠળ લેતી વખતે નીચે મુજબનો હુકમ પસાર કર્યો હતો જેના દ્વારા, નોટિસ જારી કરવામાં આવી હતી અને ફકરા ૧૨(ડી) ના સંદર્ભમાં આંતરિમ રાહત મંજૂર કરવામાં આવી હતી. સદર હુકમ આ મુજબ વંચાય છે:

> "૧. વિદ્વાન સિનિયર એડવોકેટ શ્રી એમ. જે. ઠાકોરને અરજદારો માટેના વિદ્વાન એડવોકેટ શ્રી ડી. કે. પુજ સાથે સાંભળ્યા.
>
> ૨. એવી રજૂઆત કરવામાં આવી છે કે કોડ ઓફ ક્રિમિનલ પ્રોસીજર, ૧૯૭૩, (સદર કોડ) ની કલમ ૨૦૨ નો સબ-સેક્શન (૧) વિદ્વાન મેજિસ્ટ્રેટ માટે એ ફરજિયાત બનાવે છે કે તેમના ક્ષેત્રાધિકાર બહાર રહેતા આરોપીને સંમન જારી કરતા પહેલાં તેઓ પોતે કેસની તપાસ કરશે અથવા પોલીસ અધિકારી અથવા તેમને યોગ્ય લાગે તેવી અન્ય વ્યક્તિ દ્વારા તપાસ કરવાનો નિર્દેશ આપશે, જેથી આરોપી સામે આગળ વધવા માટે પૂરતું કારણ છે કે કેમ તે શોધી શકાય. વધુમાં એવી રજૂઆત કરવામાં આવી છે ધ પ્રિવેન્શન ઓફ ફૂડ એડલ્ટરેશન એક્ટ, ૧૯૫૪ ની કલમ ૧૭ હેઠળ પરિકલ્પના કર્યા મુજબ અરજદારો કંપનીના વ્યવસાયના સંચાલન માટે ઈન-ચાર્જ અને કંપનીને જવાબદાર હતા તે અસરના જરૂરી કથનો સમગ્ર ફરિયાદમાં જોવા મળતા નથી. ધ પ્રિવેન્શન ઓફ ફૂડ એડલ્ટરેશન રૂલ્સ, ૧૯૫૫ ના રૂલ ૧૨(બી) હેઠળ ફાઈલ કરાયેલા નામાંકન ફોર્મ-VIII તરફ ધ્યાન દોરવામાં આવે છે કે સદર અધિનિયમ હેઠળના કોઈપણ ગુનાના સંબંધમાં ગુજરાત માટે કંપની દ્વારા શ્રી પરાગ એસ. પડરાકરને ઈન-ચાર્જ અને કંપનીને જવાબદાર તરીકે નામાંકિત કરવામાં આવ્યા હતા. એવી રજૂઆત કરવામાં આવી છે કે સંજોગોમાં, અરજદારોને પ્રશ્ન હેઠળની ફરિયાદમાં આરોપી તરીકે રજૂ કરી શકાયા ન હોત.

૩. વિદ્વાન સિનિયર એડવોકેટ દ્વારા કરવામાં આવેલી રજૂઆતો ધ્યાને લેતાં, તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૦૮ ના રોજ પરત કરવાની નોટિસ. ફકરા–૧૨(ડી) ના સંદર્ભમાં આંતરિમ રાહત મંજૂર કરવામાં આવે છે.

૪. સામાવાળા નં. ૧–ગુજરાત રાજ્ય વતી વિદ્વાન એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટર શ્રી એલ. બી. ડાભી નોટિસ સ્વીકારે છે.

સામાવાળા નં. ૨ માટે ડાયરેક્ટ સર્વિસની પરવાનગી આપવામાં આવે છે."

૪. સમય વીતવાની સાથે ત્યારબાદ અરજી વિચારણા માટે આવી જેમાં, તારીખ ૪.૮.૨૦૦૮ ના રોજ આ અદાલતે અરજી એડમિટ કરી હતી અને અગાઉ મંજૂર કરાયેલી આંતરિમ રાહત ચાલુ રાખી હતી. અગાઉના આધારે હાલની અરજી સદર અદાલત સમક્ષ આખરી સુનાવણી માટે આવી છે.

૫. અરજદારોનું પ્રતિનિધિત્વ કરતા વિદ્વાન કાઉન્સેલ શ્રી ડી. કે. પુજ સાથે ઉપસ્થિત રહેલા વિદ્વાન સિનિયર કાઉન્સેલ શ્રી શાલિન મહેતાએ ભારપૂર્વક દલીલ કરી છે કે આ કાયદાની પ્રક્રિયાના દુરુપયોગ સિવાય કંઈ નથી અને તેથી, આવા પ્રયાસને પ્રોત્સાહિત કરવાની મંજૂરી આપી શકાય નહીં. વિદ્વાન સિનિયર કાઉન્સેલ દ્વારા એવી પણ દલીલ કરવામાં આવી છે કે મુખ્ય ગુનો, ફરિયાદ મુજબ, કંપની દ્વારા કરવામાં આવ્યો છે જેને પક્ષકાર તરીકે જોડવામાં પણ આવી નથી કારણ કે સદર અધિનિયમની જોગવાઈઓ હેઠળ, જો ગુનો આચરવામાં

આવે તો કંપનીને મુખ્ય ગુનેગાર કહી શકાય અને તેથી, કંપનીને આરોપી તરીકે જોડ્યા વિના, સંચાલકો (ડિરેક્ટરો), જેઓ કંપનીના રોજિંદા કામકાજના ઈન-ચાર્જ ન હતા, તેમને ઢસડવા એ કાયદાની પ્રક્રિયાના દુરુપયોગ સમાન છે. વિદ્વાન સિનિયર કાઉન્સેલે વધુમાં દલીલ કરી હતી કે પ્રશ્ન હેઠળની ફરિયાદમાં હાલના અરજદારો સામે કોઈ ચોક્કસ આક્ષેપ કે દોષારોપણ પ્રતિબિંબિત થતું નથી. ફરિયાદમાં, જરૂરી હોવા છતાં, એવું પણ દાવો કરવામાં આવ્યો નથી કે અરજદારો કંપનીના રોજિંદા કામકાજના ઈન-ચાર્જ છે અને તેના માટે જવાબદાર છે. એવું પણ દાવો કરવામાં આવ્યો નથી કે પ્રશ્ન હેઠળની પ્રોડક્ટના સ્થાનિક વેચાણ અને ખરીદી સાથે અરજદારો કઈ રીતે સંબંધિત છે અને તેથી, ફરિયાદી પક્ષે કોઈ ચોક્કસ દાવાના અભાવે, અરજદારોને ફોજદારી કાર્યવાહીમાં ઢસડવાની મંજૂરી આપવી એ ફોજદારી મશીનરીના ગેરઉપયોગનું સ્પષ્ટ ઉદાહરણ સિવાય કંઈ નથી. વિદ્વાન સિનિયર કાઉન્સેલ દ્વારા એ પણ દોરવામાં આવ્યું છે કે વાઈકેરિયસ લાયબિલિટીનો સિદ્ધાંત પરિસ્થિતિઓની હાલની પૃષ્ઠભૂમિમાં લાગુ પડતો નથી અને તેથી, વિદ્વાન સિનિયર કાઉન્સેલે અદાલતને અરજદારોને સંબંધિત છે ત્યાં સુધી ફરિયાદ રદ કરવા અરજ કરી હતી.

૫.૧ વિદ્વાન સિનિયર કાઉન્સેલ શ્રી શાલિન મહેતાએ વધુમાં દલીલ કરી છે કે અરજદારો કંપનીના ડિરેક્ટરો છે અને કંપનીના રોજિંદા કામકાજના ઈન-ચાર્જ નથી. એ હકીકત તરફ પણ ધ્યાન દોરવામાં આવ્યું હતું કે અરજદાર નં. ૧

ડિરેક્ટર છે, જ્યારે અરજદાર નં. ૨ મેનેજિંગ ડિરેક્ટર છે અને અરજદાર નં. ૩ પણ એક સામાન્ય ડિરેક્ટર છે અને આ ડિરેક્ટરોની કંપનીના સ્થાનિક કામકાજમાં કોઈ ભૂમિકા નથી અને તેઓ પ્રશ્ન હેઠળની પ્રોડક્ટના વેચાણ અને ખરીદીના રોજિંદા કામકાજમાં વ્યવહાર કરતા નથી અથવા તેના ઈન–ચાર્જ નથી. વધુમાં એવી દલીલ કરવામાં આવે છે કે સદર અધિનિયમની જોગવાઈઓ હેઠળ જરૂરી મુજબ, શ્રી પરાગ એસ. પડરાકરનું એક નામાંકન છે અને આ નામાંકન નિયમોના નિયમ–૧૨બી હેઠળ જરૂરી મુજબ ફોર્મ–VIII માં પણ આપવામાં આવ્યું છે અને સૂચનાઓ પર અદાલત સમક્ષ સ્પષ્ટપણે રજૂ કરવામાં આવ્યું છે કે આ નામાંકન તારીખ ૧૫.૨.૨૦૦૫ નું હોવા છતાં, આજદિન સુધી સદર નામાંકન ચાલુ છે અને તેથી, ખાસ દલીલ કરવામાં આવી છે કે તારીખ ૧૮.૧૦.૨૦૦૫ ના રોજ કંપનીના નામના ફેરફાર પછી પણ, શ્રી પરાગ એસ. પડરાકરની તરફેણમાં આ નામાંકન કંપની દ્વારા ચાલુ રાખવામાં આવ્યું છે અને તેથી, ટ્રાયલનો સામનો કરવા માટે એક જવાબદાર વ્યક્તિ ખૂબ જ ઉપલબ્ધ છે અને તેથી, વિદ્વાન સિનિયર કાઉન્સેલે રજૂઆત કરી હતી કે હાલના અરજદારો સામેની પ્રશ્ન હેઠળની ફરિયાદ એ કાયદાનો સ્પષ્ટ ગેરઉપયોગ સિવાય કંઈ નથી. એવું પણ દલીલ કરવામાં આવ્યું છે કે ફરિયાદના સંદર્ભમાં સંમન જારી કરતી વખતે, કોઈ યોગ્ય આત્મલક્ષી સંતોષ નથી કે સંમન જારી કરવાના હુકમમાંથી એવું કંઈ પ્રતિબિંબિત થતું નથી કે મનનો ક્યાંક ઉપયોગ થયો હોય પરંતુ, કેઝ્યુઅલ અને રૂટિન રીતે, ફરિયાદ મળવા પર, સીધા જ, વિદ્વાન મેજિસ્ટ્રેટે

સંમન જારી કર્યા છે. એવું પણ દલીલ કરવામાં આવ્યું છે કે અરજી સાથે જોડાયેલા રોજકામ પરથી સ્પષ્ટપણે જણાય છે કે અરજદારોને કોઈ તક આપ્યા વિના, સીધા જ બિન–જામીનપાત્ર વોરંટ જારી કરવામાં આવ્યું હતું. એવો ચોક્કસ દાવો છે કે એક ઈન–ચાર્જ અધિકારી સમગ્ર રાજ્યમાં અગાઉથી નામાંકિત છે, છતાં સત્તામંડળે હાલના અરજદારો સામે ફરિયાદ નોંધાવી છે. એવું પણ દલીલ કરવામાં આવ્યું છે કે વિદ્વાન મેજિસ્ટ્રેટ બિન–જામીનપાત્ર વોરંટ જારી કરતા પહેલા તથ્યોની યોગ્ય ચકાસણી કરવા માટે બંધાયેલા હતા અને તેથી, વિદ્વાન મેજિસ્ટ્રેટે જે વિવેકબુદ્ધિનો ઉપયોગ કર્યો છે તે ક્ષેત્રાધિકારનો કેઝ્યુઅલ ઉપયોગ પ્રતિબિંબિત કરે છે અને તેથી, માત્ર આ ગ્રાઉન્ડ પર, ન્યાયના હિતમાં સદર રદ થવું જોઈએ. આ મુખ્ય ૩ રજૂઆતોનો સંદર્ભ આપીને, વિદ્વાન સિનિયર કાઉન્સેલે અદાલતને ફરિયાદમાં સમાવિષ્ટ કથનો તરફ દોરી ગયા છે અને ત્યારબાદ, યોગ્ય સત્તામંડળ સમક્ષ રજૂ કરવામાં આવેલા નામાંકન ફોર્મ તરફ અદાલતનું ધ્યાન દોર્યું છે અને સદર આજદિન સુધી ચાલુ રાખવામાં આવ્યું હોવાનું જણાવવામાં આવ્યું છે અને તેથી, આખરે અદાલતને અરજ કરી છે કે ફરિયાદ જ્યાં સુધી હાલના અરજદારોને સંબંધિત છે ત્યાં સુધી, રદ કરવી જરૂરી છે. અરજદારો માટે વિદ્વાન સિનિયર કાઉન્સેલ દ્વારા અન્ય કોઈ રજૂઆત કરવામાં આવી નથી.

૬. આ રજૂઆતોને સમર્થન આપવા માટે, વિદ્બાન સિનિયર કાઉન્સેલ શ્રી શાલિન મહેતાએ આ મુદ્દા પર સુપ્રીમ કોર્ટ તેમજ અન્ય હાઈકોર્ટોના કેટલાક ચુકાદાઓ પર આધાર રાખ્યો છે. વિદ્બાન સિનિયર કાઉન્સેલે ૨૦૧૨ (૦) જીએલએચઈએલ-એસસી ૫૧૧૪૮ માં રિપોર્ટ થયેલ અનિલ હાડા વિ. ગોડફાધર ટ્રાવેલ્સ એન્ડ ટુર્સ પ્રાઈવેટ લિમિટેડના કેસના ચુકાદા પર આધાર રાખ્યો છે અને આ ચુકાદાનો સંદર્ભ આપીને એવી દલીલ કરવામાં આવી છે કે કંપનીને આરોપી તરીકે જોડ્યા વિના, અરજદારો પર કેસ ચલાવવા અને પ્રોસિક્યુશનમાં ઢસડવા માટે પ્રતિનિધિક રીતે જવાબદાર ઠેરવી શકાય નહીં. આ પ્રોપોઝિશન વિશેના સંબંધિત ફકરાઓનો વિદ્બાન સિનિયર કાઉન્સેલ દ્બારા સંદર્ભ આપવામાં આવ્યો છે અને તે દ્બારા, દલીલ કરવામાં આવી છે કે અહીં એક કેસ છે જે સુપ્રીમ કોર્ટ દ્બારા નક્કી કરવામાં આવેલા આ પ્રોપોઝિશનના વ્યાપમાં સ્પષ્ટપણે આવે છે અને તેથી, અરજદારો સામેની ફરિયાદ રદ થવા પાત્ર છે. વિદ્બાન સિનિયર કાઉન્સેલે ૨૦૧૬ (૦) એઆઈજેઈએલ-એચસી ૨૩૪૮૮૨ માં રિપોર્ટ થયેલ ઓનઅલી ઈસ્માઈલજી સાદિકોટ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના કેસના અન્ય એક ચુકાદા પર આધાર રાખ્યો છે જેમાં પણ, અદાલત દ્બારા પ્રતિનિધિક જવાબદારીના ખ્યાલની ચકાસણી કરવામાં આવી છે અને જોગવાઈઓનો સંદર્ભ આપ્યા પછી.

૭. આ ઉપરાંત, વિદ્વાન સિનિયર કાઉન્સેલે, તેમના કેસના સમર્થનમાં, સીઆર.એમ.એ. નં. ૩૦૦૬/૨૦૦૬ માં આપેલા અન્ય ચુકાદા પર આધાર રાખ્યો છે અને આ ચુકાદાનો સંદર્ભ આપીને, એવી દલીલ કરવામાં આવી છે કે સદર અધિનિયમની જોગવાઈઓ હેઠળ જરૂરી મુજબની કોઈ તપાસ કર્યા વિના, રૂટિન રીતે કોઈ પ્રોસેસ જારી કરી શકાઈ ન હોત અને તેથી, આ ચુકાદાઓનો સંદર્ભ આપીને, વિદ્વાન કાઉન્સેલે અરજીમાં અરજ કર્યા મુજબની રાહત મંજૂર કરવા રજૂઆત કરી છે કારણ કે આ કાયદાની પ્રક્રિયાના દુરુપયોગનું ઝળહળતું ઉદાહરણ સિવાય કંઈ નથી.

૮. આ અરજીનો વિરોધ કરવા માટે, સામાવાળા – રાજ્ય માટેના વિદ્વાન એપીપી શ્રી ચિંતન દવેએ દોર્યું છે કે મુખ્ય કેસ સદર અધિનિયમની જોગવાઈઓ હેઠળ આવે છે જે ગંભીર ગુનો છે અને તેથી, કાર્યવાહીના આ તબક્કે અંતર્ગત ક્ષેત્રાધિકારનો ઉપયોગ કરીને કોઈ ફરિયાદ રદ કરી શકાય નહીં. વિદ્વાન એપીપી દ્વારા એ પણ દોરવામાં આવ્યું છે કે અરજી સાથે જોડાયેલ રોજકામ પ્રતિબિંબિત કરે છે કે અસંખ્ય પ્રસંગોએ, વિદ્વાન મેજિસ્ટ્રેટ દ્વારા સંમન જારી કરવામાં આવ્યા હતા અને માત્ર ત્યારબાદ, બિન-જામીનપાત્ર વોરંટ જારી કરવામાં આવ્યું હતું અને તેથી, વિદ્વાન એપીપીએ જણાવ્યું છે કે સત્તાના આવા ઉપયોગ સામે પ્રશ્ન ઉઠાવી શકાય નહીં, ખાસ કરીને જ્યારે અરજદારોએ કાર્યવાહીમાં સહકાર ન આપવાનું પસંદ કર્યું હોય. વિદ્વાન એપીપીએ વધુમાં દોર્યું છે કે સદર

અધિનિયમની જોગવાઈઓ પ્રક્રિયા સૂચવે છે, જેનું પાલન ફરિયાદ દાખલ કરવામાં આવી તે સમયે ફરિયાદી દ્વારા હાલના કેસમાં કરવામાં આવ્યું છે અને તેથી, ફરિયાદ દાખલ કરવાની પ્રક્રિયામાં કોઈ અનિયમિતતાના અભાવે, સીઆર.પી.સી. ની કલમ ૪૮૨ નો કોઈ ઉપયોગ કરવો જોઈએ નહીં. એ પણ દોરવામાં આવ્યું છે કે ફૂડ ઇન્સ્પેક્ટરે તેમને યોગ્ય સામગ્રી આપવામાં આવ્યા પછી ફરિયાદ દાખલ કરી છે અને તેથી, આ સ્થિતિ હોવાને કારણે, તેમણે અદાલતને અરજી ધ્યાને ન લેવા વિનંતી કરી હતી. જો કે, અરજદારોને સંબંધિત છે ત્યાં સુધી ચોક્કસ કથનોના મુદ્દા પર અણીભર્યા પ્રશ્ન પર, તેમણે નિખાલસપણે રજૂઆત કરી હતી કે ફરિયાદમાં કરવામાં આવેલા આવા કથનોના આધારે, હાલના અરજદારો સામે કોઈ ચોક્કસ દોષારોપણ હોવાનું જણાતું નથી.

૯. સંબંધિત પક્ષકારો માટે ઉપસ્થિત વિદ્વાન કાઉન્સેલને સાંભળ્યા પછી અને ફરિયાદમાં તેમજ અરજીમાં કરવામાં આવેલા કથનોને ધ્યાને લીધા પછી, રજૂઆદોમાંથી નીચે મુજબના સંજોગો ઉભરી આવે છે :

(૧) ફરિયાદને જોતાં જ સ્પષ્ટપણે જણાય છે કે કઈ રીતે હાલના અરજદારો, જેઓ કંપનીના ડિરેક્ટરો છે, તેમને પ્રતિનિધિક જવાબદારી જોડી શકાય તે અંગે કોઈ ચોક્કસ કથનો સમાવિષ્ટ નથી.

(૨) ફરિયાદ પરથી એ પણ પ્રતિબિંબિત થાય છે કે મુખ્ય કંપની, જેને મુખ્ય ગુનેગાર કહી શકાય તેને ફરિયાદમાં પક્ષકાર બનાવવામાં આવી નથી.

(૩) રેકોર્ડ પરથી એ પણ પ્રતિબિંબિત થાય છે કે ફરિયાદ તારીખ ૨૬.૭.૨૦૦૬ ના રોજ દાખલ કરવામાં આવી હતી અને કોઈ કારણો વિના તે જ દિવસે સંમન જારી કરવામાં આવ્યા હતા અને હુકમ મનનો કોઈ ઉપયોગ પ્રતિબિંબિત કરતો નથી કે પ્રથમ દર્શનીય રીતે ફરિયાદમાં સમાવિષ્ટ કથનોના આધારે, હાલના અરજદારો સામે કથિત ગુનાઓ સ્થાપિત થાય છે કે કેમ.

(૪) રેકોર્ડ પરથી એ પણ જણાવાય છે કે શ્રી પરાગ એસ. પડરાકરને કંપની દ્વારા નિયમોના નિયમ ૧૨–બી હેઠળ ફોર્મ–VIII માં અગાઉથી નામાંકિત કરવામાં આવ્યા છે અને જેમનું નામાંકન યોગ્ય સત્તામંડળ સમક્ષ અગાઉથી રજૂ કરવામાં આવ્યું છે અને સૂચનાઓ પર, અદાલતને સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે સદર નામાંકન તારીખ ૧૫.૨.૨૦૦૫ નુ હોવા છતાં આજદિન સુધી ચાલુ છે.

(૫) અરજદારો દ્વારા સોગંદનામા પર કરવામાં આવેલા કથનો પરથી એ પણ ઉભરી આવે છે કે અરજદારોને કોઈ પણ તબક્કે સંમન બજાવવામાં આવ્યા ન

હતા અને તેઓ માત્ર રોજકામની ઉપલબ્ધતાના આધારે બિન-જામીનપાત્ર વોરંટ જારી કરવા અંગે જાણી શક્યા હતા અને ફકરા ૬ અને ૭ માં સમાવિષ્ટ આ કથનો સામે, સામાવાળા દ્વારા કોઈ પણ રીતે કોઈ કાઉન્ટર ફાઇલ કરવામાં આવ્યું નથી.

૧૦. ઉપરોક્ત સંજોગોને ધ્યાનમાં રાખીને, રેકોર્ડ પરથી એવું ઉભરી આવતું નથી કે અરજદારો સદર અધિનિયમની કલમ ૧૭ હેઠળ પરિકલ્પના કર્યા મુજબ વ્યવસાયના સંચાલન માટે કોઈ પણ તબક્કે કંપનીના ઈન-ચાર્જ અથવા જવાબદાર હતા. રેકોર્ડ પરથી એ પણ ઉભરી આવે છે કે ફરિયાદમાં અરજદારો સામે આક્ષેપ કરીને ક્યાંય પણ કોઈ ચોક્કસ ભૂમિકા સોંપવામાં આવી નથી અને એવું પ્રથમ દર્શનીય રીતે પણ સ્થાપિત થતું નથી કે કઈ રીતે હાલના અરજદારો, જેઓ ડિરેક્ટરો છે, તેઓ કંપનીના સ્થાનિક કામકાજ માટે જવાબદાર છે અને એવો કોઈ આક્ષેપ નથી જે અરજદારોને ફરિયાદમાં સમાવિષ્ટ મુખ્ય આક્ષેપો સાથે જોડી શકે અને તેથી, એવું જણાય છે કે ડિરેક્ટરોને કેઝ્યુઅલ રીતે ઢસડવામાં આવ્યા છે અને વિદ્વાન મેજિસ્ટ્રેટે મનનો ઉપયોગ કર્યા વિના રૂટિન રીતે ફોજદારી બાબતમાં પ્રોસેસ જારી કરી છે જે વ્યાજબી નથી. રેકોર્ડ પરથી એ પણ જણાવાય છે કે શ્રી પરાગ એસ. પડરાકરની તરફેણમાં નામાંકન હજુ પણ ચાલુ છે અને તેથી, સત્તામંડળ સમક્ષ કોઈ જવાબદાર વ્યક્તિ ખૂબ જ ઉપલબ્ધ છે અને તેથી, સદર અદાલતને એવું જણાય છે કે આવી સામગ્રીના આધારે ફોજદારી બાબતમાં અરજદારોને ઢસડવા એ ન્યાયના ગેરમાર્ગે દોરવા સિવાય કંઈ નથી.

૧૧. ઉપરોક્ત તથ્યો અને સંજોગોના સંદર્ભમાં, જો આપણે સદર અધિનિયમની કલમ ૧૭ હેઠળ સમાવિષ્ટ વૈધાનિક જોગવાઈઓને જોઈએ, તો તે કંપનીઓ દ્વારા આચરવામાં આવતા ગુનાઓ સાથે કામ કરે છે. એ જોઈ શકાય છે કે કથિત ગુનો કર્યો હોવાનું અરજદારોને આભારી ગણી શકાય નહીં અને તેથી, તેમને પ્રોસિક્યુશનમાં ઢસડી શકાયા ન હોત. ત્વરિત વિહંગાવલોકન માટે સદર અધિનિયમની કલમ ૧૭ અત્રે નીચે મુજબ પુનઃઉત્પાદિત કરવામાં આવે છે :

> "[૧૭ કંપનીઓ દ્વારા ગુનાઓ.— (૧) જ્યાં આ અધિનિયમ હેઠળનો ગુનો કંપની દ્વારા કરવામાં આવ્યો હોય —
>
> (એ) (૧) વ્યક્તિ, જો કોઈ હોય તો, જેમને કંપનીના વ્યવસાયના સંચાલન માટે કંપનીના ઈન–ચાર્જ, અને જવાબદાર હોવા માટે સબ–સેક્શન (૨) હેઠળ નામાંકિત કરવામાં આવ્યા છે (જેમને હવે પછી આ કલમમાં જવાબદાર વ્યક્તિ તરીકે ઉલ્લેખિત કરાયા છે), અથવા
>
> (૨) જ્યાં કોઈ વ્યક્તિને આ રીતે નામાંકિત કરવામાં આવ્યા ન હોય, તો ગુનો થયો તે સમયે કંપનીના ઈન–ચાર્જ હતા, અને કંપનીના વ્યવસાયના સંચાલન માટે કંપનીને જવાબદાર હતા તેવા દરેક વ્યક્તિ; અને
>
> (બી) કંપની,
>
> ગુના માટે દોષિત ગણવામાં આવશે અને તે મુજબ તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે અને શિક્ષા કરવામાં આવશે:
>
> શરતે કે આ સબ–સેક્શનમાં સમાવિષ્ટ કંઈપણ આવી કોઈ વ્યક્તિને આ અધિનિયમમાં પૂરી પાડવામાં આવેલી કોઈ શિક્ષા માટે જવાબદાર બનાવશે નહીં જો તેઓ સાબિત કરે કે ગુનો તેમની જાણ વગર થયો હતો અને તેમણે આવા ગુનાને રોકવા માટે તમામ યોગ્ય તત્પરતા દાખવી હતી.

(૨) કોઈ પણ કંપની, લેખિત હુકમ દ્વારા, તેના કોઈપણ ડિરેક્ટરો અથવા મેનેજરોને (આવા મેનેજર મુખ્યાત્વે મેનેજરીયલ અથવા સુપરવાઈઝરી ક્ષમતામાં નિયુક્ત હોય) આ અધિનિયમ હેઠળ કંપની દ્વારા કોઈ પણ ગુનો આચરવામાં આવતો રોકવા માટે જરૂરી અથવા યોગ્ય હોઈ શકે તેવી તમામ સત્તાઓનો ઉપયોગ કરવા અને તમામ પગલાં લેવા માટે અધિકૃત કરી શકે છે અને લોકલ (હેલ્થ) ઓથોરિટીને, તેવા ફોર્મમાં અને તે રીતે જે વિહિત કરવામાં આવે તે મુજબ નોટિસ આપી શકે છે કે તેણે જવાબદાર વ્યક્તિ તરીકે આવા ડિરેક્ટર અથવા મેનેજરને નામાંકિત કર્યા છે, આ રીતે નામાંકિત થવા માટે આવા ડિરેક્ટર અથવા મેનેજરની લેખિત સંમતિ સાથે.

સ્પષ્ટીકરણ.—જ્યાં કંપની પાસે અલગ અલગ સ્થાપનાઓ અથવા શાખાઓ અથવા કોઈ પણ સ્થાપના અથવા શાખામાં અલગ અલગ એકમો હોય, ત્યાં જુદી જુદી સ્થાપનાઓ અથવા શાખાઓ અથવા એકમોના સંદર્ભમાં આ સબ-સેક્શન હેઠળ જુદી જુદી વ્યક્તિઓને નામાંકિત કરી શકાય છે અને કોઈ પણ સ્થાપના, શાખા અથવા એકમના સંદર્ભમાં નામાંકિત વ્યક્તિને સદર સ્થાપના, શાખા અથવા એકમના સંબંધમાં જવાબદાર વ્યક્તિ ગણવામાં આવશે.

(૩) સબ-સેક્શન (૨) હેઠળ નામાંકિત વ્યક્તિ, જ્યાં સુધી—

(૧) કંપની તરફથી લોકલ (હેલ્થ) ઓથોરિટી દ્વારા આવું નામાંકન રદ કરતી વધુ નોટિસ મળેલ ન હોય; અથવા

(૨) તેઓ કંપનીના ડિરેક્ટર અથવા, જેવી સ્થિતિ હોય તેમ, મેનેજર તરીકે બંધ ન થાય; અથવા

(૩) તેઓ લોકલ (હેલ્થ) ઓથોરિટીને લેખિતમાં અરજ કરે, કંપનીને જાણ કરીને, નામાંકન રદ કરવા માટે [જે અરજનું લોકલ (હેલ્થ) ઓથોરિટી દ્વારા પાલન કરવામાં આવશે],

જે પણ વહેલું હોય, ત્યાં સુધી જવાબદાર વ્યક્તિ તરીકે ચાલુ રહેશે:

શરતે કે જ્યાં આવી વ્યક્તિ કંપનીના ડિરેક્ટર અથવા, જેવી સ્થિતિ હોય તેમ, મેનેજર તરીકે બંધ થાય છે, તો તેઓ લોકલ (હેલ્થ) ઓથોરિટીને સદર બંધ થવાની હકીકતની જાણ કરશે:

વધુમાં શરતે કે જ્યાં આવી વ્યક્તિ ક્લોઝ (૩) હેઠળ અરજ કરે છે, ત્યાં લોકલ (હેલ્થ) ઓથોરિટી જે તારીખે અરજ કરવામાં આવી હોય તે તારીખ કરતા અગાઉની તારીખથી આવું નામાંકન રદ કરશે નહીં.

(૪) અગાઉના સબ–સેક્શનોમાં સમાવિષ્ટ કંઈપણ હોવા છતાં, જ્યાં આ અધિનિયમ હેઠળનો ગુનો કંપની દ્વારા કરવામાં આવ્યો હોય અને તે સાબિત થાય કે સદર ગુનો કંપનીના કોઈપણ ડિરેક્ટર, મેનેજર, સેક્રેટરી અથવા અન્ય અધિકારી [સબ–સેક્શન (૨) હેઠળ નામાંકિત વ્યક્તિ ન હોય તેવા] ની સંમતિ અથવા મૌનાનુકૂળતાથી થયો છે, અથવા તેમની કોઈ બેદરકારીને આભારી છે, તો આવા ડિરેક્ટર, મેનેજર, સેક્રેટરી અથવા અન્ય અધિકારી પણ તે ગુના માટે દોષિત ગણવામાં આવશે અને તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે અને તે મુજબ શિક્ષા કરવામાં આવશે.

સ્પષ્ટીકરણ.—આ કલમના હેતુઓ માટે—

(એ) "કંપની" એટલે કોઈપણ બોડી કોર્પોરેટ અને તેમાં ફર્મ અથવા વ્યક્તિઓ મંડળનો સમાવેશ થાય છે;

(બી) "ડિરેક્ટર", ફર્મના સંદર્ભમાં, એટલે ફર્મમાં ભાગીદાર; અને

(સી) "મેનેજર", હોટેલ ઉદ્યોગમાં રોકાયેલી કંપનીના સંદર્ભમાં, તેમાં તેના દ્વારા સંચાલિત અથવા ચલાવવામાં આવતી કોઈપણ હોટેલના કેટરિંગ વિભાગના ઈન–ચાર્જ વ્યક્તિનો સમાવેશ થાય છે."]

૧૨. આ વૈધાનિક જોગવાઈની યોજના એ છે કે જ્યાં કંપનીએ સદર અધિનિયમ હેઠળ ગુનો કર્યો હોય, ત્યાં તેના વ્યવસાયના સંચાલન માટે ઈન–ચાર્જ અને કંપનીને જવાબદાર રહેવા માટે સબ–સેક્શન (૨) હેઠળ નામાંકિત વ્યક્તિ સામે કાર્યવાહી કરવામાં આવશે સિવાય કે એવું દર્શાવવામાં આવે કે ગુનો કંપનીના અન્ય કોઈપણ ડિરેક્ટર, મેનેજર, સેક્રેટરી અથવા અધિકારીની સંમતિ / મૌનાનુકૂળતા / બેદરકારીથી થયો હતો અને તે કિસ્સામાં, આઠી વ્યક્તિ સામે

પણ કાર્યવાહી કરી શકાય છે. જ્યારે અત્રે ત્વરિત કેસમાં, ફરિયાદમાં સમાવિષ્ટ કથનોને જોતાં, એવું કોઈ તત્વ જણાતું નથી કે જે અરજદારોને ગુનેગાર તરીકે આકર્ષિત કરે અને તેથી, આ વૈધાનિક જોગવાઈની યોજના હેઠળ પણ, અરજદારો સામે કાર્યવાહી ચાલુ રાખવામાં કોઈ ઔચિત્ય જણાતું નથી અને તેથી, અદાલતનો એવો વિચારાયેલ અભિપ્રાય છે કે ફરિયાદ જ્યાં સુધી હાલના અરજદારોને સંબંધિત છે ત્યાં સુધી, તેમની સામે ચાલુ રાખવાની પરવાનગી આપવી એ પણ કાયદાની પ્રક્રિયાનો દુરુપયોગ સિવાય કંઈ નથી અને તેથી, ન્યાયના હિતમાં સદર રદ થવા પાત્ર છે.

૧૩. આવા નિષ્કર્ષ પર પહોંચવા માટે, અદાલતને સુપ્રીમ કોર્ટના કેટલાક આદેશોની સહાય મળી છે જે અત્રે નીચે મુજબ પુનઃઉત્પાદિત કરવા જરૂરી છે.

૧૪. પ્રથમ ચુકાદો જે ટાંકવામાં આવ્યો છે જે ૨૦૧૫ (૪) એસ.સી.સી. ૬૦૯ માં રિપોર્ટ થયેલ છે જેમાં કોર્પોરેટ ફોજદારી જવાબદારીનો ખ્યાલ સર્વોચ્ચ અદાલત દ્વારા લેવામાં આવ્યો છે અને સદર ખ્યાલ સાથે કામ કરતી વખતે પ્રતિનિધિક જવાબદારીનો સિદ્ધાંત કઈ રીતે ઉપયોગમાં લઈ શકાય તે અંગે વિચારણા કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે સદર સિદ્ધાંતનું વિશ્લેષણ કરતી વખતે એવું પ્રતિપાદિત કર્યું છે કે જો પૂરતી ગુનાહિત સામગ્રી હોય તો જ તેનો ઉપયોગ કરી શકાય છે અને સુસંગત ચર્ચા જેમાં પ્રોપોઝિશન સમાવિષ્ટ છે તે ફકરા ૪૨,

૪૩, ૪૪, ૪૫ અને ૪૬ માં પ્રતિબિંબિત થાય છે જે અત્રે નીચે મુજબ પુનઃઉત્પાદિત કરવામાં આવે છે:

"૪૨. કોઈ શંકા નથી કે, કોર્પોરેટ એન્ટિટી એ એક કૃત્રિમ વ્યક્તિ છે જે તેના અધિકારીઓ, ડિરેક્ટરો, મેનેજિંગ ડિરેક્ટર, ચેરમેન વગેરે દ્વારા કાર્ય કરે છે. જો આવી કંપની મેન્સ રિયા (ગુનાહિત માનસિકતા) ધરાવતો ગુનો કરે છે, તો તે સામાન્ય રીતે તે વ્યક્તિનો ઈરાદો અને કાર્ય હશે જે કંપની વતી કાર્ય કરશે. તે વધુ સ્પષ્ટ બનશે, જ્યારે ફોજદારી કૃત્ય ષડયંત્રનું હોય. જો કે, તે જ સમયે, ફોજદારી ન્યાયશાસ્ત્રનો આ મુખ્ય સિદ્ધાંત છે કે જ્યાં સુધી કાયદો પોતે ખાસ જોગવાઈ ન કરે ત્યાં સુધી કોઈ પ્રતિનિધિક જવાબદારી નથી.

૪૩. આમ, એક વ્યક્તિ જેણે કંપની વતી ગુનો આચર્યો છે તેને કંપનીની સાથે આરોપી બનાવી શકાય છે, જો તેના સક્રિય ભૂમિકાના ગુનાહિત ઈરાદા સાથે જોડતા પૂરતા પુરાવા હોય. બીજી પરિસ્થિતિ જેમાં તેને સામેલ કરી શકાય છે તે એવા કિસ્સાઓ છે જ્યાં વૈધાનિક વ્યવસ્થા પોતે, ખાસ કરીને આવી જોગવાઈને સમાવીને, પ્રતિનિધિક જવાબદારીના સિદ્ધાંતને આકર્ષિત કરે છે.

૪૪. જ્યારે કંપની ગુનેગાર હોય, ત્યારે આવી અસરની કોઈ વૈધાનિક જોગવાઈના અભાવે ડિરેક્ટરોની પ્રતિનિધિક જવાબદારી આપમેળે આરોપિત કરી શકાતી નથી. આવું એક ઉદાહરણ ધ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટ, ૧૮૮૧ ની કલમ ૧૪૧ છે. અનીતા હાડા (સુપ્રા) માં, અદાલતે નોંધ્યું કે જો કંપનીના વ્યવસાયને માર્ગદર્શન આપતા વ્યક્તિઓના જૂથમાં ગુનાહિત ઈરાદો હોય, તો તે બોડી કોર્પોરેટને આરોપિત કરવામાં આવશે અને આ પૃષ્ઠભૂમિમાં, ધ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ ૧૪૧ ને સમજવી પડશે. આવી સ્થિતિ, તેથી, વૈધાનિક ઈરાદાના કારણે છે જે તેને એક માનવામાં આવતી કલ્પના (ડીમિંગ ફિકશન) બનાવે છે. અહીં પણ, "અલ્ટર ઈગો" નો સિદ્ધાંત માત્ર એક દિશામાં લાગુ કરવામાં આવ્યો હતો એટલે કે જ્યાં વ્યવસાયનું માર્ગદર્શન કરતા વ્યક્તિઓના જૂથમાં ગુનાહિત ઈરાદો હતો, તેને બોડી કોર્પોરેટને આરોપિત કરવાનો છે અને તેનાથી વિપરીત નહીં. અન્યથા, ડિરેક્ટર અથવા કંપનીના નિયંત્રણ અને સંચાલનમાં

હોવાનું કથિત રીતે કહેવાતી અન્ય કોઈ વ્યક્તિને આભારી ચોક્કસ કૃત્ય હોવું જોઈએ, આ અસર માટે કે આવી વ્યક્તિ કંપની દ્વારા અથવા તેના વતી આચરવામાં આવેલા કૃત્યો માટે જવાબદાર હતી.

૪૫. આ જ સિદ્ધાંત અન્ય વિવિધ ચુકાદાઓમાં વિસ્તૃત કરવામાં આવ્યો છે. આપણે મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યુશન કો. લિમિટેડ (સુપ્રા) અને એસ. કે. અલાઘ (સુપ્રા) ની નોંધ લઈ ચૂક્યા છીએ. આ સિદ્ધાંતનું પુનરાવર્તન કરતા અન્ય કેટલાક ચુકાદાઓ નીચે મુજબ છે:

૪૫.૧ જેઠસુર સુરાંગભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત : (એસ.સી.સી. પાના ૨૧૦–૧૧, ફકરો–૯)

> "૯. માનપૂર્વક વિદ્વાન હાઈકોર્ટથી જે ચૂક થઈ હોવાનું જણાય છે તે એ છે કે આ પ્રકારના કેસમાં જ્યાં સંઘની મિલકતોનું ગંભીર ઉચાપત (ડિફેલ્કેશન) થયું હતું, ત્યાં સુધી કે ફરિયાદપક્ષ તમામ આરોપીઓ વચ્ચે ગાઢ એકતા અને મિલીભગત સાબિત ન કરે કે જે ષડયંત્રનો વિષય બને છે, ત્યાં સુધી ખાસ કરીને અપીલકર્તા (એ–૧) સામેના બેવડા આક્ષેપો સાબિત કરવા મુશ્કેલ બનશે. ષડયંત્રનો આક્ષેપ નિષ્ફળ જતાં, અપીલકર્તા સામેની ફરિયાદપક્ષની વાર્તાનો સૌથી મહત્વપૂર્ણ અને અભિન્ન ભાગ અદ્રશ્ય થઈ જાય છે. જેના આધારે વિદ્વાન હાઈકોર્ટે તેમને દોષિત ઠેરવ્યા છે તે માત્ર એક જ ગ્રાઉન્ડ એ છે કે તેઓ મેનેજિંગ કમિટીના ચેરમેન હોવાને કારણે, અન્ય આરોપીઓ દ્વારા આપવામાં આવેલા કોઈપણ હુકમ અથવા કરવામાં આવેલી ઉચાપત માટે તેમને પ્રતિનિધિક રીતે જવાબદાર ગણવા જોઈએ. વિદ્વાન હાઈકોર્ટે, જોકે, પ્રતિનિધિક જવાબદારીના ખ્યાલનો સંદર્ભ આપ્યો નથી પરંતુ વિદ્વાન હાઈકોર્ટના નિષ્કર્ષો સૂચવે છે કે અપીલકર્તાને દોષિત ઠેરવવા માટે વિદ્વાન હાઈકોર્ટના મનમાં આ મુખ્ય વિચાર હતો. આવી ગંભીર પ્રકૃતિના ફોજદારી કેસમાં મેન્સ રિયા (ગુનાહિત માનસિકતા) ને બાકાત રાખી શકાય નહીં

અને એકવાર ષડયંત્રનો આક્ષેપ નિષ્ફળ જાય પછી, અપીલકર્તા આઇટમ ૨, ૩ અને ૪ ને લગતા કૃત્યો અથવા લોપ (ઓમિશન) સાથે પ્રત્યક્ષ અને વ્યક્તિગત રીતે જોડાયેલા હતા તે હકારાત્મક રીતે સાબિત કરવાની જવાબદારી ફરિયાદપક્ષ પર હતી. શ્રી ફડકે દ્વારા સ્વીકારવામાં આવ્યું છે કે આવો કોઈ પ્રત્યક્ષ પુરાવો ઉપલબ્ધ નથી અને તેમણે એવી દલીલ કરવાનો પ્રયાસ કર્યો હતો કે અપીલકર્તા સંઘના ચેરમેન હતા અને કાગળો પર સહી કરતા હતા અને વિવિધ ટેન્ડરો મંજૂર કરતા હતા, રૂટિન બાબત તરીકે પણ તેમણે કાળજી અને સાવચેતી સાથે કામ કરવું જોઈતું હતું અને તેમની બેદરકારી એ ગુનો કરવાના તેમના ઈરાદાનો સકારાત્મક પુરાવો ગણાશે. જોકે, અમે કાયદાના આ કંઈક અંશે વ્યાપક વિધાન સાથે અસંમત છીએ. ષડયંત્રના આક્ષેપના અભાવે, માત્ર એ હકીકત કે અપીલકર્તા કમિટીના ચેરમેન હતા, તે તેમને આઇટમ ૨ થી ૪ માટે પ્રતિનિધિક અર્થમાં ફોજદારી રીતે જવાબદાર બનાવશે નહીં. ખાતરની ખરીદીને મંજૂરી આપવા સિવાય તેઓ જાણતા હતા કે જે પેઢીઓમાંથી ખાતર ખરીદવામાં આવ્યું હતું તે અસ્તિત્વમાં નહોતી તે દર્શાવવા માટે પ્રત્યક્ષ કે પરિસ્થિતિજન્ય કોઈ પુરાવો નથી. આવી જ સ્થિતિ અન્ય બે આઇટમની છે. ખરેખર, જો ચેરમેનને જવાબદાર બનાવવાના હોય તો કમિટીના તમામ સભ્યો એટલે કે તહસીલદાર અને અન્ય નામાંકિત સભ્યો સમાન રીતે જવાબદાર બનશે કારણ કે તે તમામ કમિટીની બેઠકોની ચર્ચા વિચારણામાં ભાગ લેતા હતા, એવું નિષ્કર્ષ જે ફરિયાદપક્ષ દ્વારા સૂચવવામાં પણ આવ્યું નથી. સંઘના ચેરમેન તરીકે અપીલકર્તાએ વિવિધ પ્રકારની બાબતો સાથે કામ કરવાનું હતું અને ગુનાહિત વિશ્વાસઘાત થયો છે કે કેમ તે શોધી કાઢવા માટે દરેક નાની બાબતના વિગતોમાં જવું અને વિશ્લેષણ કરવું તેમના માટે માનવતાપૂર્વક શક્ય ન હોત. વાસ્તવમાં, સમગ્ર શો નો હીરો એ-૩ હોવાનું જણાય છે જેણે નાટકનું એવું સ્ટેજ-મેનેજમેન્ટ કર્યું હતું જેથી તેનો વાંક છુપાવી શકાય અને અપીલકર્તાને મોખરે લાવી શકાય. પરંતુ તે પોતે જ અપીલકર્તા સામે

નિર્ણાયક પુરાવો બનશે નહીં. એ–૩ એ ખાતરની ગેરકાયદેસર ખરીદી અથવા પાંચ ઓઇલ એન્જિન ગાયબ થવા અંગે અપીલકર્તાને પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે જાણ કરી હતી તે દર્શાવવા માટે કંઈ નથી કે જે ઓડિટ દરમિયાન ખૂબ પાછળથી પ્રકાશમાં આવ્યું હતું. ઈરાદો સાબિત કરવાથી દૂર, ફરિયાદપક્ષ એ સાબિત કરવામાં નિષ્ફળ ગયું છે કે અપીલકર્તાને આઇટમ ૨ થી ૪ ની ઉચાપતની કોઈ જાણકારી હતી. વાસ્તવમાં, જ્યાં સુધી આઇટમ ૩ નો સવાલ છે, શ્રી ફડકેએ પણ સ્વીકાર્યું કે અપીલકર્તાને જોડવા માટે કોઈ પ્રત્યક્ષ પુરાવો નથી."

૪૫.૨ શામ સુંદર વિ. સ્ટેટ ઓફ હરિયાણા: (એસ.સી.સી. પાનું ૬૩૨, ફકરો ૯)

"૯. પરંતુ આપણે પીનલ જોગવાઈ હેઠળની ફોજદારી જવાબદારી સાથે સંબંધ ધરાવીએ છીએ, નાગરિક (સિવિલ) જવાબદારી સાથે નહીં. પ્રથમ તો પીનલ જોગવાઈનું ચુસ્તપણે અર્થઘટન કરવું જોઈએ. બીજું, ફોજદારી કાયદામાં કોઈ પ્રતિનિધિક જવાબદારી નથી જ્યાં સુધી કાયદો પોતે પણ તેને પોતાના વ્યાપમાં ન લે. કલમ ૧૦ આવી જવાબદારી માટે જોગવાઈ કરતી નથી. તે તમામ ભાગીદારોને ગુના માટે જવાબદાર બનાવતી નથી કે પછી તેઓ ધંધો કરે છે કે નહીં."

૪૫.૩ હીરા લાલ હરિ લાલ ભગવતી વિ. સીબીઆઈ: (એસ.સી.સી. પાનું ૨૭૭, ફકરો ૩૦)

"૩૦. અમારા મતે, પીનલ લો હેઠળ, જ્યાં સુધી સદર કાયદો તેના વ્યાપમાં તેને આવરી લે નહીં ત્યાં સુધી પ્રતિનિધિક જવાબદારીનો કોઈ ખ્યાલ નથી. ત્વરિત કેસમાં, સદર કાયદો જે ક્ષેત્રમાં પ્રવર્તે છે એટલે કે ધ કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ માં અપીલકર્તાઓને તે હેઠળ સંપૂર્ણપણે મુક્ત કરવામાં

આવ્યા છે અને જીસીએસ ને પ્રોસિક્યુશનમાંથી મુક્તિ આપવામાં આવી છે."

૪૫.૪ મકસૂદ સૈયદ વિ. સ્ટેટ ઓફ ગુજરાત: (એસ.સી.સી. પાનું ૬૭૪, ફકરો ૧૩)

"૧૩. જ્યાં કોડ ઓફ ક્રિમિનલ પ્રોસીજર ની કલમ ૧૫૬(૩) અથવા કલમ ૨૦૦ ના સંદર્ભમાં દાખલ કરાયેલી ફરિયાદ અરજી પર ક્ષેત્રાધિકારનો ઉપયોગ કરવામાં આવે છે, ત્યાં વિદ્ધાન મેજિસ્ટ્રેટે પોતાના મનનો ઉપયોગ કરવો જરૂરી છે. જ્યારે આરોપી કંપની હોય ત્યારે મેનેજિંગ ડિરેક્ટર અથવા કંપનીના ડિરેક્ટરો પર પ્રતિનિધિક જવાબદારી જોડવા માટે ધ ઈન્ડિયન પીનલ કોડ માં કોઈ જોગવાઈ સમાવિષ્ટ નથી. વિદ્ધાન મેજિસ્ટ્રેટ પોતાની જાતને સાચો પ્રશ્ન પૂછવામાં નિષ્ફળ ગયા છે એટલે કે શું ફરિયાદ અરજી, ફેસ વેલ્યુ પર આપવામાં આવે અને સંપૂર્ણ રીતે સાચી ગણવામાં આવે તો પણ, એવા નિષ્કર્ષ પર દોરી જશે કે હાલના સામાવાળા કોઈપણ ગુના માટે વ્યક્તિગત રીતે જવાબદાર હતા. બેંક એ બોડી કોર્પોરેટ છે. મેનેજિંગ ડિરેક્ટર અને ડિરેક્ટરની પ્રતિનિધિક જવાબદારી ઊભી થશે જો કાયદામાં તે અંગે કોઈ જોગવાઈ અસ્તિત્વમાં હોય. કાયદાઓમાં નિઃશંકપણે આવી પ્રતિનિધિક જવાબદારીઓ નક્કી કરતી જોગવાઈઓ હોવી જોઈએ. સદર હેતુ માટે પણ, ફરિયાદી માટે જરૂરી આક્ષેપો કરવા ફરજિયાત છે જે પ્રતિનિધિક જવાબદારી બનાવતી જોગવાઈઓને આકર્ષિત કરશે."

૪૫.૫ આર. કલ્યાણી વિ. જનક સી. મહેતા: (એસ.સી.સી. પાનું ૫૨૭, ફકરો ૩૨)

"૩૨. એફઆઈઆર માં સમાવિષ્ટ આક્ષેપો સામાન્ય કાયદા હેઠળના ગુનાઓ કરવા માટેના છે. પ્રતિનિધિક જવાબદારી માત્ર કાયદાની જોગવાઈના

